# વર્ષ ૨૦૨૦ માટે શ્રીગુરુમાઈની સંદેશ કલાકૃતિનાં દર્શન

૨૫ માર્ચ, ૨૦૨૦

આત્મીય પાઠકો,

નમસ્તે. *Buongiorno.* 你們 好 *Salut.* Здравствуйте こんにちは

૧ જાન્યુઆરીએ, 'મધુર સરપ્રાઇઝ'ના સીધા વિડીયો પ્રસારણ દરમ્યાન, શ્રીગુરુમાઈએ આપણને વર્ષ ૨૦૨૦ માટે તેમનો સંદેશ પ્રદાન કર્યો. આપણને ગુરુમાઈજીનો સંદેશ હિન્દી ભાષામાં પ્રાપ્ત થયો, અને પછીના દિવસોમાં ગુરુમાઈજીએ સમજાવ્યું કે શા માટે તેમણે સંદેશ પહેલાં હિન્દીમાં અને પછી અંગ્રેજીમાં પ્રદાન કર્યો. આવું એટલા માટે કારણકે ગુરુમાઈજીના સંદેશના બે મુખ્ય શબ્દોના એટલા બધા જટિલ, ગૂઢ અને ગહન અર્થ થાય છે કે તેનું ભાષાંતર કરવું લગભગ અસંભવ છે! આ શબ્દોને સમજવાની અને તેના મૂલ્યને જાણવાની એકમાત્ર રીત છે, તેના વિભિન્ન ગુણો, તેના અર્થના વિભિન્ન સ્તરો અને તેના શાસ્ત્રોક્ત આધાર વિશે શીખવું, જે આપણી સિદ્ધયોગ સાધના સાથે સંબંધિત છે.

આપણું એ સૌભાગ્ય છે કે આપણે ગુરુમાઈજીની સંદેશ કલાકૃતિના રૂપે સંદેશ વિશે તેમનો દષ્ટિકોણ પ્રાપ્ત કરીએ છીએ. આ રીતે, આપણે ગુરુમાઈજીના સંદેશના શબ્દોનું અધ્યયન કરી શકીશું — અને આપણી પાસે સંદેશનાં દર્શન કરવાનો સુઅવસર પણ છે.

દરવર્ષે, સિદ્ધયોગીઓ અને એ લોકો જેઓ સિદ્ધયોગ પથ પર પોતાની યાત્રાનો આરંભ કરવા ઇચ્છે છે, તેઓ ગુરુમાઈજીની સંદેશ કલાકૃતિને તેમના અધ્યયનનું અભિન્ન અંગ બનાવી દે છે. જ્યારે આપણે સંદેશ કલાકૃતિનું અધ્યયન કરીએ છીએ, ત્યારે શીખવાની પ્રક્રિયા ચાર શરીરમાં થાય છે. કુંડલિની શક્તિની સહાયથી આપણે ભૌતિક શરીર, ભાવાત્મક શરીર; બુદ્ધિ અને આધ્યાત્મિક શરીર દ્વારા જ્ઞાનનો વિકાસ કરીએ છીએ.

વર્ષ ૨૦૨૦ માટે શ્રીગુરુમાઈની સંદેશ કલાકૃતિનાં દર્શન કરવાના મારા આમંત્રણનો કૃપયા સ્વીકાર કરો. 'દર્શન' સંસ્કૃત ભાષાનો એક ઉત્કૃષ્ટ શબ્દ છે, જેનો અર્થ છે, ''એ જે પાવન છે તેને જોવું, તેનું દૃષ્ટાંત થવું,'' ''ભગવાનની અનુભૂતિ કરવી''.

- કૃપયા એ સુનિશ્ચિત કરો કે ગુરુમાઈજીની સંદેશ કલાકૃતિની સાથે રહેવા માટે તમે પર્યાપ્ત સમય ફાળવો — ઓછામાં ઓછી ૧૫ મિનિટ.
- આરામદાયક આસનમાં બેસો.
- તમારા શ્વાસપ્રશ્વાસની સહજ ગતિને મહસૂસ કરો.
- સંદેશ કલાકૃતિને જુઓ. એકવાર જ્યારે તમે સંપૂર્ણ સંદેશ કલાકૃતિને ગ્રહણ કરી લો, પછી તેના એક વિશિષ્ટ ભાગને જુઓ. ત્યાર પછી તમારી દૃષ્ટિને કોમળ થવા દો, કલાકૃતિને તમારી આંખો સમક્ષ થોડી ધૂંધળી થવા દો.
- એના પછી, કલાકૃતિના કોઈ અન્ય ભાગને જુઓ અને આ જ પ્રક્રિયા ફરીથી કરો. કલાકૃતિને કેન્દ્રણમાં આવવા દો અને જવા દો; તમારી આંખો પહેલાં તેને અત્યંત એકાગ્રતાથી નિહાળશે અને પછી ખૂબ જ સહજતાથી.
- થોડીવારમાં તમે જોઈ શકશો કે કલાકૃતિ બ્રહ્માંડના એક ભાગને દર્શાવે છે. આગળના ભાગમાં દેખાઈ રહેલાં વધારે મોટા, ચમકતા પ્રકાશબિંદુઓ આપણી આકાશગંગાના તારાઓ છે. નાના-નાના, વધુ મૃદુલ પ્રકાશબિંદુઓ વાસ્તવમાં સંપૂર્ણ આકાશગંગાઓ છે, તેમાં ૧૦૦ થી ૩૦૦ અબજ તારાઓ સમાહિત છે, તેમાંના કેટલાક તારા ૨૫ અબજ પ્રકાશ વર્ષથી વધારે દૂર છે. જ્યારે તમે કલાકૃતિને તીવ્રતાની સાથે સાથે કોમળતાથી જુઓ છો, તો તેનાથી કલાકૃતિમાં જે સમાહિત છે અને તે જે અભિવ્યક્ત કરે છે એ બધાંને ગ્રહણ કરવાની તમારી ક્ષમતામાં વધારો થાય છે. તમે તેની સૂક્ષ્મતાઓને, તેની અનંત ગહનતાને, તેના અર્થના અનેક પાસાંઓને વધારે સારી રીતે સમજો છો. તમે મનની ઉપેક્ષા કરો છો અને કલાકૃતિમાં રહેલી ચિતિને તમારી સમક્ષ નૃત્ય કરવા દો છો.
- સંદેશ કલાકૃતિનાં દર્શન કરવાનો અર્થ છે તેની સાથે ઐક્યની અનુભૂતિ કરવી. જ્યારે તમે કલાકૃતિનાં દર્શન પહેલીવાર કરો, ત્યારે તેનાથી ઉદ્‌ભવતા ચિત્રો, અંતર્દૃષ્ટિઓ અને ભાવનાઓને લખી લો.

ઘણાં સિદ્ધયોગીઓ — જેઓ વ્યાવસાયિક રૂપે કલાકાર છે અને જેઓ પોતાને કદાચ કલાકાર ન માનતા હોય તે બંને — સંદેશ કલાકૃતિનાં દર્શન કરીને અને તેનું અધ્યયન કરીને શું શીખી રહ્યાં છે એ અભિવ્યક્ત કરવા માટે ચિત્ર દોરે છે, ફોટો લે છે, કલાત્મક કૃતિઓ બનાવે છે અને કવિતા લખે છે. હું તમને પણ આવું કરવા માટે પ્રોત્સાહિત કરું છું! કલાકૃતિનો તમારા માટે શું અર્થ છે તે વ્યક્ત કરવા તમારી પોતાની રચનાત્મક અભિવ્યક્તિની ખોજ કરો.

મારી શુભકામના છે કે આ આખા વર્ષ દરમ્યાન, ૨૦૨૦ માટેની સંદેશ કલાકૃતિનાં દર્શન તમારા દૈનિક જીવનમાં વ્યાપ્ત રહે.

વર્ષ ૨૦૨૦ માટેની શ્રીગુરુમાઈની સંદેશ કલાકૃતિનાં દર્શન કરવા માટે અંગ્રેજી પૃષ્ઠ પર આપેલા આ બૉક્સ પર ક્લિક કરો :

*Sign In:*

*Gurumayi's Message Artwork for 2020*

આદર સહિત,

સ્વામી ઈશ્વરાનંદ

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.